## ૭. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

**ઉચ્ચશિક્ષણમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો.**

### શૈક્ષણિક વર્ષ-૨૦૧૬-૧૭ ની ઉચ્ચ શિક્ષણ સહાય માટે પાત્રતાના ધોરણો...

- ગુજરાતમાં આવેલ માન્ય બોર્ડની ધોરણ-૧૦ ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી ડિપ્લોમા અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ મળશે.
- ગુજરાતમાં આવેલ માન્ય બોર્ડની પરીક્ષા ધોરણ-૧૨ ની સામાન્ય અથવા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ મળશે.
- ગુજરાતમાં આવેલ માન્ય યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષા ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી ડિગ્રી અભ્યાસક્રમોના પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડીના વિદ્યાર્થીઓને લાભ મળશે.
- રૂા. ૬,૦૦,૦૦૦/- સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનોને આ યોજનાનો લાભ મળશે.
- રાજ્ય સરકારે આવક મર્યાદાના પ્રમાણપત્રને ત્રણ વર્ષ માટે માન્ય રાખવાનો નિર્ણય કર્યો છે. જેનો લાભ તમામ વિદ્યાર્થીઓને મળશે. જેની પાસે આવકના પ્રમાણપત્રો હશે તેમણે ત્રણ વર્ષ સુધી આવકનું પ્રમાણપત્ર ફરીથી પ્રાપ્ત કરવાની આવશ્યકતા રહેતી નથી.

### (અ) ટ્યુશન ફી સહાય

- સરકાર માન્ય સંસ્થામાં મેડીકલ અને ડેન્ટલના સ્નાતક કક્ષાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીના ૫૦% ટકા રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર.
- ઈજનેરી/ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, એગ્રીકલ્ચર, નર્સિંગ, ફીઝીયોથેરાપી, આયુર્વેદ, હોમીયોપેથીક, પેરામેડીકલ, વેટરનરી જેવા સરકાર માન્ય સંસ્થાના સ્નાતક કક્ષાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% ટકા રકમ રૂા. ૫૦,૦૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર.
- બી.એસ.સી., બી.કોમ., બી.એ., બી.બી.એ., બી.સી.એ. જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% ટકા રકમ રૂા. ૧૦,૦૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર.
- સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર ડિપ્લોમા અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% ટકા રકમ રૂા. ૨૫,૦૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર.

## (અ) ખાસ જોગવાઈ

- સરકારી મેડીકલ, ડેન્ટલ, ઈજનેરી કોલેજોમાં જનરલ બેઠકો ઉપર અનામત કક્ષાના ઉમેદવારો જે સંખ્યામાં પ્રવેશ મેળવે તેના કારણ જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો તેવા વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજ અને સરકારી કોલેજની ટ્યુશન ફીના તફાવતની રકમ મળવાપાત્ર છે.

## (બ) રહેવા જમવા સહાય

- સ્નાતક અથવા ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનીત છાત્રાલયમાં પ્રવેશ નહી મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને દર મહિને રૂા. ૧,૨૦૦/- (દશ મહીના માટે) મળવાપાત્ર છે.

## (ક) સાધન-પુસ્તક સહાય

- સ્નાતક કક્ષાના મેડિકલ, ડેન્ટલમાં રૂા. ૧૦,૦૦૦/- અને ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચરમાં રૂા. ૫,૦૦૦/- અને ડિપ્લોમામાં રૂા. ૩,૦૦૦/- પ્રથમ વર્ષે એક વાર મળવાપાત્ર ડિપ્લોમા અને સ્નાતક અભ્યાસક્રમના નિયત સમયગાળા સુધી સહાય મળળાપાત્ર.

## યોજનાનું અમલીકરણ

- આ યોજના હેઠળ મંજૂર થયેલ ઉચ્ચ શિક્ષણ શિક્ષણ સહાયની રકમ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી જમાં.
- ઉચ્ચ શિક્ષણની સહાયની કાર્યવાહી નૉલેજ કોંસોર્ટીયમ ઓફ ગુજરાત (કેસીજી), મારફતે.
- વેબપોર્ટલ **mysy.guj.nic.in** મારફત ઉચ્ચ શિક્ષણ માટેની સહાય અંગેની ઓનલાઈન અરજીઓ.
- વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીઓ/સંસ્થાઓ ખાતે ૯૧ જેટલા હેલ્પ સેન્ટર્સ ઉભા કરવામાં આવેલા છે.
- વિદ્યાર્થીઓની સહાય માટે હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦
- E-mail Address For Correspondence : **mysygujarat@gmail.com**
- આ યોજનાની વધુ જાણકારી હેતુ અને સહાય મેળવવા અરજીઓ કરવા માટેની વેબ-સાઈટ : **http://mysy.guj.nic.in**